# બિહારમાં નવા સમિકરણના સંકેત

## ભાજપ અને જેડીયુ વચ્ચે સંબંધો વધુ ખરાબ

નવી દિલ્હી, તા. ૨

એનડીએ ગઠબંધનના ચાવીરૂપ પક્ષ જનતાદળ (યુ) અને ભાજપ વચ્ચેના સંબંધો દિનપ્રતિદિન વણસી રહ્યા છે. કેસરીયા પક્ષ ભાજપે આગામી ૨૦૧૪માં યોજાનારી લોકસભાની સામાન્ય ચૂંટણીમાં બિહારની તમામ ૪૦ બેઠકો એકલા હાથે લડવાની આજે તૈયારી દર્શાવી હતી. બિહાર ભાજપના પ્રમુખ સી પી ઠાકુરે એક ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, જે જરૂરીયાત ઉભી થશે તો ૨૦૧૪માં તેઓ એકલા હાથે ચૂંટણી લડવા તૈયારી કરી ચૂક્યા છે. જીવનમાં કોઈ બાબતની નિશ્ચિતતા નથી ત્યારે રાજકારણમાં તમે કોઇ બાબતની ચોકસાઈ કેવી રીતે રાખી શકે. નોંધનીય છે કે બિહારમાં હાલ ભાજપ અને જનતા દળ (યુ)ના ગઠબંધનની સરકાર સત્તામાં છે. તેઓ ૨૦૧૦માં યોજાયેલ વિધાનસભાની ચૂંટણી સાથે મળીને લડ્યા હતા. જો કે છેલ્લા છ માસથી બંને પક્ષો વચ્ચેના સંબંધમાં કડવાશ આવી ગઈ છે. બિહારના મુખ્યમંત્રી અને જેડી(યુ)ના નેતા નિતીશકુમાર તેમજ ભાજપના અગ્રણી નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચે શાબ્દિક યુદ્ધ તે જ બન્યું છે. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણીમાં એનડીએના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે તેઓ નરેન્દ્ર મોદીને પ્રોજેક્ટ કરવાની તેઓ જાહેરમાં વિરોધ કરી ચૂક્યા છે.ભાજપના રાજ્ય એકમના વડાના આ નિવેદનથી હવે નવા રાજકીય સમીકરણો રચાવવાના સંકેત દેખાઈ રહ્યા છે. છેલ્લા



કેટલાક સમયથી ભાજપ અને જેડી યુ વચ્ચે સારા સંબંધો નથી. જેના કારણે મતભેદો વારંવાર સપાટીએ આવી રહ્યા છે. ભાજપના નેતાના નિવેદનથી હવે સ્પષ્ટ થાય છે કે આગામી દિવસો ભાજપ માટે વધુ પડકારરૂપ રહેશે. સામાન્ય ચૂંટણી આડે થોડોક સમય છે ત્યારે સીપી ઠાકુરની આ પ્રતિક્રિયા ખુબ આશ્ચર્ય સર્જી રહી છે. આ સંબંધમાં જેડીયુ દ્વારા હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

**દેશભરમાં જુદા જુદા કાર્યક્રમો યોજાયા**

# રાષ્ટ્રપતિ મહાત્મા ગાંધીને જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ

### પ્રણવ મુખરજીએ શ્રદ્ધાંજલિ આપવામાં દેશનું નેતૃત્વ કર્યું
### ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન, અન્ય નેતાઓ રાજઘાટ પહોંચ્યા

નવી દિલ્હી, તા. ૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૩મી જન્મ જયંતીના પ્રસંગે આજે દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા અને રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ મહાત્મા ગાંધીને અંજલિ આપવામાં દેશનું નેતૃત્વ કર્યું હતું. તેમના ૧૪૩માં જન્મ દિવસે પુષ્પાજલિ અર્પણ કરવામાં આવી હતી. સવારે જ પ્રણવ મુખરજી, ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી, વડાપ્રધાન મનમોહનસિંહ, કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, ભાજપના નેતા એલ કે અડવાણી, મહાત્મા ગાંધીના મેમોરિયલ રાજઘાટ ઉપર પહોંચી ગયા હતા અને પુષ્પાજલિ આપી હતી. અન્ય જે નેતાઓ રાજઘાટ ઉપર પહોંચ્યા હતા તેમાં ગૃહપ્રધાન સુશીલકુમાર શિન્દે, સરંક્ષણ પ્રધાન એ કે એન્ટોની, દિલ્હીના મુખ્યમંત્રી શિલા દિક્ષીતનો સમાવેશ થાય છે.



આ પ્રસંગે સર્વ ધર્મ પ્રાથના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીજીની પ્રિય ધૂન પણ કાર્યક્રમમાં વગાડવામાં આવી હતી. દરમિયાન દેશભરમાં ગાંધી જયંતીના પ્રસંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ખાદી ચીજવસ્તુઓના વેચાણમાં ડિસ્કાઉન્ટની જાહેરાત કરવામાં આવી છે. સત્ય અને અહિંસા સાથે સંબંધિત જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા.

## જાપાનમાં ૬.૨ તીવ્રતાના ધરતીકંપથી ભારે દહેશત

ટોકિયો,તા. ૨

ઉત્તરીય જાપાનમાં આજે ૬.૨ની તીવ્રતા સાથે આવેલા શક્તિશાળી ભૂકંપના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલા ગિઈ હતી. ધરતીકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નહી મળતા તંત્રને મોટી રાહત થઈ હતી. ભૂંકપ બાદ સુનામીની કોઇ ચેતવણી પણ જારી કરવામાં આવી ન હતી. અમેરિકી ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું હતું કે આજે સવારે ૭.૨૧ મિનિટ વાગે આ આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર જમીનમાં હોવાથી તેની તીવ્રતા ઘટી ગઈ હતી. આશરે ૩૦ મિનિટ બાદ બીજો પ્રચંડ આંચકો પણ અનુભવાયો હતો. તેનુ કેન્દ્ર મિયાકોથી ૧૦૭ કિલોમીટર પુર્વે હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ટોકિયોથી આશરે ૫૦૦ કિલોમીટરના અંતરે અહીં આંચકો આવ્યો હતો.

## મૃત માની લેવાયેલો કુખ્યાત આતંકવાદી આખરે પકડાયો

નવી દિલ્હી,તા.૨

ડ્રગ્સ અને આતંકવાદ વચ્ચે સીધા સંબંધોનો પર્દાફાશ કરે તેવા એક ઘટનાક્રમમાં ૨૦ વર્ષ અગાઉ મૃત માની લેવામાં આવેલા કુખ્યાત આતંકવાદીની રાજસ્થાનમાં ધરપકડ કરી લેવામાં આવી છે.

એક ફરાર ડ્રગ્સ માફિયાની શોધખોળ ચાલી રહી હતી ત્યારે આ કુખ્યાત આતંકવાદી પકડાઈ ગયો છે. પોલીસે માહિતી આપતા જણાવ્યું છે કે દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે ઉત્તર ભારતમાં સિન્થેટીક ડ્રગ્સના સપ્લાયમાં સંડોવાયેલા રાજા કંડોલાની શોધખોળ કરતી વેળા ૨૬મી સપ્ટેમ્બરના દિવસે સુખવિન્દ્રર ઉર્ફે સુખીની જેસલમેર ખાતેથી ધરપકડ કરી લેવામાં આવી છે. આ શખસ ગયા સપ્તાહમાં લુધિયાના રેલવે સ્ટેશન ખાતે પોલીસ કસ્ટડીમાંથી ફરાર થઈ ગયો હતો. પોલીસે કહ્યું છે કે સુખી પ્રતિબંધિત ખાલીસ્તાન કમાન્ડો ફોર્સ (કેસીએફ)નો કુખ્યાત સભ્ય છે અને હત્યા અને હત્યાના પ્રયાસના ઓછામાં ઓછા આઠ કેસોમાં વોન્ટેડ છે. તે એક્સપ્લોસીવ સબસ્ટેન્સ એક્ટ અને આર્મ એક્ટ હેઠળ જુદા જુદા કેસોમાં પણ સામેલ છે. કાડા હેઠળ પણ તેની સામે કેસ છે.

સ્પેશિયલ સેલના અધિકારીઓએ કહ્યું છે કે સુખી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં પણ નેટવર્ક ધરાવે છે. સ્પેશિયલ સેલના અધિકારી એસ એમ શ્રીવાસ્તવે કહ્યું છે કે સુખી અને કંડોલા વચ્ચે નજીકના સંબંધ છે. સુખીની વ્યાપક શોધખોળ અગાઉ કરવામાં આવી હતી. ૧૯૬૭માં તેનો દિલ્હીમાં જન્મ થયો હતો. ૧૯૭૧માં તે પંજાબ જતો રહ્યો હતો. ૧૯૮૬માં શીખ સ્ટુડન્ટ ફેડરેશનના અજીબ પાલસિંહને મળ્યા બાદ આતંકવાદમાં સામેલ થઈ ગયો હતો. અજીત પોલીસ એન્કાઉન્ટરમાં ઠાર થયો હતો. સુખી ત્યારબાદ કેસીએફના સંપર્કમાં આવ્યો હતો. તેની ૧૯૮૭માં ધરપકડ કરવામાં આવી હતી.

## સમાચાર ઝલક

- ગાંધીધામ : રક્ત ચંદનનો મોટો જથ્થો ઝડપાયો.
- તમાકુ અંગે નવી કડક અને સચિત્રવાળી નીતિવાળી જાહેરાત નક્કી કરાઇ.
- હિમાલયમાં ભૂકંપના આંચકા.
- ઓપરેશન બ્લ્યુ સ્ટારના વડા શ્રી બરાર પર લંડનમાં જીવલેણ હુમલો.
- પાકિસ્તાન દ્વારા ૩૩ માછીમારોનું પોરબંદરના દરિયા નજીકથી અપહરણ.
- શોહરાબુદીન એન્કાઉન્ટરમાં મોટા માથાંઓની સંડોવણીનો પર્દાફાશ.
- બિહારમાં ભાજપ-જે.ડી.યુ. વચ્ચે તનાવ વધ્યો.
- કિંગફિશરની હવાઇ સેવાઓમાં અનેક મુશ્કેલીઓ.
- ઉત્તરપ્રદેશમાં આઇ.એ.એસ. અધિકારીની છેડતી બાબતે ધરપકડ, રેલ્વે ટ્રેનમાં છેડતી બનાવ બન્યો હતો.
- ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. કલામ ફ્લોરિડા (અમેરિકા)માં ગાંધીજીની પ્રતિમાનું અનાવરણ કરશે.
- અમેરિકામાં પ્રમુખ શ્રી બરાક ઓબામાને ત્યાંનાં ૮૮ ટકા ભારતીયોનો ટેકો.
- ભાવનગરમાં નવલસિંઘની સ્મશાન યાત્રામાં હજ્જારો લોકો જોડાયા.

## કૃષ્ણા-હિલેરી વચ્ચેની ચર્ચામાં વિઝા ફી વધારા મુદ્દો ચમક્યો

ન્યુયોર્ક,તા. ૨

વિદેશ પ્રધાન એસ.એમ કૃષ્ણા અને તેમના અમેરિકી સમકક્ષ હિલેરી ક્લિન્ટન વચ્ચે દ્વિપક્ષીય વાતચીત દરમિયાન અનેક મુદ્દાઓ પર વિસ્તારપુર્વક ચર્ચા વિચારણા કરવામા આવી હતી. આ વાતચીત દરમિયાન વિઝા ફીમાં વધારો અને પાકિસ્તાન સાથે સંબંધોને સામાન્ય બાનાવવા લેવામાં આવેલા પગલાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અમેરિકા દ્વારા વિઝા ફીમાં કરવામાં આવેલા વધારાને લઈને ભારતે તેની નારાજગી વ્યકત કરી હતી. અમેરિકામાં હાલમાં ગુરૂદ્વારામાં થયેલા ગોળીબારનો મુદો પણ છવાયો હતો. સયુક્ત મહાસભાની બેઠકના ભાગરૂપે બન્ને નેતાઓ વચ્ચે ૪૫ મિનિટ સુધી વાતચીત થઈ હતી. આ વાતચીત બાદ કૃષ્ણાએ કહ્યું હતું કે વાતચીત ખુબજ રચનાત્મક અને સકારાત્મક રહી છે. અનેક મુદ્દાઓ પર વિસ્તાર પૂર્વક વાતચીત થઈ છે. કૃષ્ણાએ કહ્યું હતુ કે વિઝા ફીમાં અમેરિકા દ્વારા કરવામાં આવેલ વધારાને લઈને ભારતની ચિંતાથી હિલેરીને વાકેફ કરવામાં આવ્યા છે.

અમેરિકામાં પ્રમુખપદની ચુંટણી નજીક છે જેથી હાલમા અમેરિકા હાલમાં કોઈ નિર્ણય કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે પરંતુ અમેરિકામાં ચુંટણી બાદ ચોક્કસ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કૃષ્ણાએ કહ્યું હતુ કે હાલમાં વધારે અપેક્ષા રાખવી યોગ્ય હશે નહી. મેક્સિકો સાથે સરહદ પર સુરક્ષાને મજબુત કરવાના હેતુસર હાલમાંજ અમેરિકાએ વિઝા ફીમાં વધારો કર્યો હતો અમેરિકાના વિઝા સંબાંધિત આ નિર્ણયના કારણે ભારતની અનેક ટોચનીકંપનીઓને માઠી અસર થઈ હતી ભારત તરફથી ટીસીએસ, ઈન્ફોસીસ, વિપ્રો અને મહેન્દ્રા સત્યમ તરફથી આ મામલે નારાજગી વ્યકત કરવામાં આવી હતી. આ કંપનીઓએ અમેરિકા સમક્ષ આ મુદો ઉઠાવાવ સરકાર ઉપર દબાણ વધાર્યુ હતુ.

# કેજરીવાલ દ્વારા નવી રાજકીય પાર્ટીની રચના

નવી દિલ્હી, તા. ૨

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૪૪ મી જન્મ જયંતીના પ્રસંગે ઈન્ડીયા અગેઈનસ્ટ કરપ્શન (આઈએસી)ના સભ્ય અરવિંદ કેજરીવાલે આજે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુ કે, લોકો અમને સત્તાના લાલચું ગણાવે છે. અત્યારે માહોલ એવો બનાવી દેવામાં આવ્યો છે કે સત્તા ગુંડાઓના હાથમાં રહેવી જોઈએ. કોઈ અન્ય આવે તો તેને સત્તાનો લાલચી જાહેર કરવો પરંતુ લાલબહાદુરશાસ્ત્રી અને ડો. બી. આર. આંબેડકર સહિતના ઘણાં મહાન નેતાઓ આ દેશમાં થઈ ગયા છે. તેમણે ચૂંટણી લડી પરંતુ તેઓ સત્તાના લાલચુ હતા ? આ માનસિકતાને બદલવા હેતુ અમે રાજકારણમાં ઝંપલાવી રહ્યા છીએ. કેજરીવાલે પોતાના પક્ષનું વિઝન ડોક્યુમેન્ટ પર જારી કર્યું હતું. તેમણે કોંગ્રેસ અને ભાજપ પર આકરા શાબ્દિક પ્રહારો કરતાં કહ્યું હતું કે બંનેએ ભેગા મળીને દેશને લૂંટ્યો છે. કેન્દ્ર સરકાર પર પ્રશ્નાર્થ ઉભા કરતા કેજરીવાલે કહ્યું હતું કે, વિનંતીઓ બહુ થઈ ગઈ છે. હવે જંગનો સમય આવી ગયો છે. હવે અમારે ચૂંટણી મેદાનમાં ઉતરવું પડશે. દેશમાં હાલ વિપક્ષ નામની કોઈ ચીજ વસ્તુ રહી નથી. તમામ પક્ષોએ ભેગા મળીને દગો કર્યો છે. આ ભ્રષ્ટાચારને લીધે અમારે ચૂંટણી લડવા મજબૂર થવું પડ્યું છે. અમે ચૂંટણી લડીને બતાવીશું.

આ પક્ષ મારો નથી. પરંતુ જે લોકો દિલ્હીમાં રામલીલા મેદાનમાં આવ્યા હતા તે લોકોનો પક્ષ છે. કેજરીવાલે કહ્યું હતું કે, આગામી ૬ઠ્ઠી ઓક્ટોબરે તેઓ બે મોટા નેતા અંગે ખુલાસાઓ કરશે. દેશમાં ચૂંટણીની ક્રાંતિ ઉભી કરવાની છે. જ્યારે અમને લાગ્યું કે કોઈ વિકલ્પ નથી ત્યારે અમારે ચૂંટણી જંગમાં ઉતરવાનો નિર્ણય કરવો પડ્યો છે. અમે સંપૂર્ણ વ્યવસ્થા બદલવાનો પ્રયાસ કરીશું. નોંધનીય છે કે આ અંગે જાહેરાત કરતાં પહેલાં કેજરીવાલ અને મનીષ સિસોદીયાએ દિલ્હી આવેલા અન્ના હજારે સાથે મુલાકાત કરી હતી. કેજરીવાલે વિઝન ડોક્યુમેન્ટ જારી કરતાં કહ્યું હતું કે, દિલ્હી સરકારને ચેતવણી આપી હતી કે, વિજળી અને પાણીની કિંમત ૩ નવેમ્બર સુધી ઘટાડવામાં નહીં આવે તો ૪ થી નવેમ્બરથી તેઓ આંદોલન કરશે. ચૂટણીમાં હાર જીત અંગે કેજરીવાલે કહ્યું હતું કે, અમે હારીશું કે જીતીશું તે અમે જાણતા નથી. પરંતુ મને એ



ખબર છે કે આજે અમે ચૂંટણી નહીં લડીએ તો મારા બાળકો મને મોટા થઈને ગાળો આપશે કે તમને દેશે તક આપી હતી સમગ્ર દેશ એક થઈ ગયો હતો પરંતુ તમારામાં જ દમ નહોતો. મારે પક્ષ બનાવવાની કોઈ જરૂરિયાત ન હતી. પરંતુ દેશના નેતાઓએ રાજનીતિમાં આવવા મજબૂર કર્યા છે. અમે તમામ પક્ષો અને નેતાઓને મળ્યા હતા પરંતુ કોઈપણ પક્ષે અમને મદદ આપી નથી. હવે અમે કોઈપણ સામે કરગરીશું નહીં. અમે આ સત્તા અને વ્યવસ્થાને નેસ્ત નાબૂદ કરી દઈશું.

તેમણે આજે પક્ષના નામની જાહેરાત કરી ન હતી. પરંતુ આગામી ૨૬મી નવેમ્બરે તેની જાહેરાત કરશે. નોંધનીય છે કે લોકજનપાલ બિલ મુદ્દે દેશભરમાં આંદોલન ચલાવનાર પીઢ ગાંધીવાદી અન્ના હજારેએ રાજકીય પક્ષ બનાવવાનો ઈનકાર કરી દીધો હતો. જેનો વિરોધ કરતાં કેજરીવાલે અલગ થઈને ૧૯ સપ્ટેમ્બરે જાહેરાત કરી હતી કે, તેઓ પક્ષ બનાવશે. બીજી બાજુ આજે અન્ના હજારેથી અલગ થયા બાદ અરવિંદ કેજરીવાલ અને અન્ય કાર્યકર્તાઓએ નવી ટોપી પહેરેલી જોવા મળી હતી.જેના પર મેં અન્ના હૂં ની જગ્યાએ મેં આમ આદમી હૂં લખેલું હતું.

## હાઈબ્લડ પ્રેશરની તકલીફ વાળા માટે યોગા ઉપયોગી

ન્યૂયોર્ક, તા. ૨

હાઈ બ્લડ પ્રેશર એક ગંભીર સમસ્યા છે. દેશ વિદેશમાં મોટી સંખ્યમાં લોકો આ તકલીફથી પરેશાન છે. હાઈબ્લડ પ્રેશરને કાબુમાં લેવા માટે જુદી જુદી પ્રકારની અનેક દવાઓ બજારમાં ઉપલબ્ધ છે. આ બિમારીને ટાળવા માટે તબીબો દ્વારા જુદી જુદી સલાહ પણ આપવામાં આવે છે. હાઈ બ્લડ પ્રેશર અંગે સામાન્ય લોકોમાં જાગૃતિ અંગે પણ વ્યાપક અભાવ છે. નિષ્ણાંતોનું કહેવુ છે કે હાઈ બ્લડ પ્રેશર એક ગંભીર સમસ્યા છે. તે શરીરમાં છુપાયેલા એક ઘાતક દુશ્મન તરીકે છે. અનિયમિત ખાવા પીવાની ટેવ, ઓચી ઉંઘ, મીઠાનો વધારે ઉપયોગથી હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો રહે છે. હાઈ બ્લડ પ્રેશરથી પરેશાન લોકો માટો યોગા ખુબ ઉપયોગી છે. તેમ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. હાઈ બ્લડપ્રેશરથી ગ્રસ્ત લોકોની સંખ્યા ખૂબ મોટી છે. હાઈ બ્લડ પ્રેશરને કાબૂમાં લેવા માટે યોગાની સલાહ અગાઉ પણ આપવામાં આવી હતી પરંતુ હવે ફરીવાર આનું સૂચન કરવામાં આવ્યું છે.

## રાસાયનિક હથિયારો ખતમ કરવા ભારતની ફરી અપીલ

સંયુક્ત રાષ્ટ્ર,તા. ૨

ભારતે રસાયણિક હથિયારોને ખતમ કરવાની વિશ્વના દેશોને આજે અપીલ કરી હતી. કન્વેન્શન અગેંસ્ટ કેમિકલ વેપન્સ હેઠળ ભારતે આ આપીલ કરી હતી. નિશસ્ત્રીકરણની દિશામાં આગળ વધવા માટે રસાયણિક હથિયારોની નાબુદી હવે જરૂરી બની હોવાનો દાવો ભારત તરફથી કરવામાં આવ્યો હતો.દરમિયાન જમ્મુ કાશ્મીર ભારતો એક અખંડ હિસ્સો છે તેવા કૃષ્ણાના દાવાથી પાકિસ્તાનના નેતાઓમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. વિદેશ પ્રધાન એસએમ કૃષ્ણાએ હતું કે રસાયમિક હથિયારો ખુબ ખરતનાક છે. કન્વેન્શનના ૧૫ વર્ષ પુર્ણ થવાના પ્રસંગે ઉચ્ચસ્તરીય બેઠકમાં આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે કન્વેન્શનનો મુખ્ય અને પ્રાથમિક ઉદેશ્ય નિશસ્ત્રીકરણ છે. દુનિયામાંથી તમામ રસાયણિક હથિયારો નાબુદ ન થાય ત્યાં સુધી આ બાબતનો પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે. બેઠકમાં સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ બાનકી મુન અને ઓર્ગેનાઈઝેશન ફોર પ્રોહિબેશન વેપન્સના મહાનિર્દેશક પણ હાજર રહ્યા હતા. કૃષ્ણાએ ઓછામાં ઓછા સમયમાં રસાયણિક હથિયારો નાબુદ કરવાની તમામ દેશોને અપીલ કરી હતી. સીડબલ્યુસીની વિશ્વસનિયતાને ટકાવી રાખવા માટે પણ આ બાબત જરૂરી બની છે. તેમણે દાવો કર્યો હતો કે ભારતે તમામ જવાબદારીને ધ્યાનમાં રાખીને પોતાની નિતીને આગળ વધારી છે. ભારત હથિયારોની નાબુદી માટે કટિબદ્ધ છે. વિદેશ પ્રધાન કૃષ્ણા હાલમાં સંયુક્ત રાષ્ટ્રના સત્રમાં ભાગ લઈ રહ્યા છે. કૃષ્ણા અમેરિકાના વિદેશ પ્રધાન હિલેરી ક્લિન્ટન સહિત વિશ્વના અનેક દેશોના વિદેશ પ્રધાન સાથે પણ વાતચીત કરી ચુક્યા છે.

## કિંગફિશર એરલાઈન્સે કામચલાઉ ધોરણે લોકઆઉટની જાહેરાત કરી દેતા ઉડ્ડયન ઉદ્યોગમાં સનસનાટી

મુંબઈ, તા.૨

કિંગફિશર એરલાઈન્સે કામચલાઉ ધોરણે લોકઆઉટની જાહેરાત કરી દેતા ઉડ્ડયન ઉદ્યોગમાં સનસનાટ મચી ગઈ છે. કિંગફિશર એરલાઈન્સે વિમાની સેવા બંધ કરી દીધી છે જેના પરિણામ સ્વરૂપે આજે તમામ ફલાઈટો રદ કરી દેવામાં આવી હતી. યાત્રીઓ ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. જે યાત્રીઓએ પહેલાંથી જ ટિકિટો બુક કરાવી હતી તે લોકોને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ગુરુવાર સુધી તમામ ફલાઈટો બંધ કરી દેવામાં આવી છે. પાયલોટો અને એન્જિનીયરો તેમની માંગ ઉપર મક્કમ દેખાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે કિંગફિશરના કર્મચારીઓના એક વર્ગની હડતાળ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. વિજય માલ્યાની માલિકીવાળી કિંગફિશર એરલાઈન્સે એક નિવેદન જારી કરીને કહ્યું છે કે કેટલાક કર્મચારીઓની હિંસા, અપરાધીક ધમકી, હુમલાઓ અને કામ ઉપર ન આવવાના લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કામચલાઉ લોકઆઉટનો હાથ ઉપર લઈ લીધો છે. વિમાની સેવા સંપૂર્ણપણે ઠપ્પ કરી દીધી છે. નિવેદનમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે તમામ ફલાઈટો આગામી ત્રણ દિવસ સુધી એટલે કે ૪થી ઓક્ટોબર સુધી રોકી દેવામાં આવી છે. પાયલોટો અને કેટલાક કર્મચારીઓ એન્જિનીયરોની હડતાળમાં સામેલ થયા છે. આ એન્જિનીયરો છેલ્લા છ મહિનાથી પગાર ન મળવાના મુદ્દે હડતાળ કરી રહ્યા હતા. આ હડતાળના કારણે એરલાઈન્સના શેરમાં પાંચ ટકાનો ઘટાડો થયો હતો. કાયદાકીય કાર્યવાહી શરૂ કરતા પહેલાં એર લાઈને કહ્યું છે કે તે હડતાળમાં સામેલ કર્મચારીઓને ધમકી આપવાની ગતિવીધીથી દૂર રહેવા સતત પ્રયાસ કરશે. એમ માનવામાં આવે છે કે એન્જિનીયરો હડતાળ ઉપર જતાં કિંગફિશરની હાલત કફોડી બની ગઈ હતી.

## હોંગકોંગમાં બે નૌકા ટકરાઈ જતા ૩૬ લોકોના કરૂણ મોત

હોંગકોંગ,તા. ૨

હોંગકોંગમાં આજે એક ચાર્ટર્ડ નૌકા અને યાત્રી નૌકા સામ સામે ટકરાઈ જતા મોટી ખુવારી થઈ છે. આ બનાવમાં ઓછામાં ઓછા ૩૬ લોકોના મોત થયા છે. હજુ મોતનો આંકડો વધે તેવી શક્યતા છે. બચાવ અને રાહત કામગીરી હજુ ચાલી રહી છે. અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે સોમવારે સાંજે લામા દ્વિપ નજીક આ ટક્કર થઈ હતી. એ વખતે ૧૨૦તી વધારે લોકોને લઈને જતી વિશાળ નૌકા હોંગકોંગ ઈલેક્ટ્રિક કંપનીના જહાજ પર બેસીને વિક્ટોરિયા બંદર ખાતે રાષ્ટ્રીય દિવસના પ્રસંગે શાનદાર આતશબાજી નિહાળી રહ્યા હતા. આ ટક્કરના કારણે લોકો પાણીમાં પડી ગયા હતા. થોડાક સમયમાં જ વિશાળ નૌકા પણ ડુબી ગઈ હતી. સરકારે નિવેદન જારી કરીને કહ્યું છે કે આ બનાવમાં ૨૮ લોકોના મોત થયા છે. જ્યારે અન્ય આઠ લોકોના મોત હોસ્પિટલમાં પહોંચાડી દેવામાં આવ્યા બાદ થઈ હતી. આ બનાવ બાદ આશરે ૧૦૦ લોકોને જુદી જુદી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

**નવાં ક્લેવર** (પાના નં. ૪ નું ચાલુ)

'ચુપ મારે તારી કોઇ વાત સાંભળવી નથી. મારે મોતી નથી જોઇતાં.'

'જીભ સંભાળીને વાત કર અત્યાર સુધી તારું બધું મેં સહન કર્યું છે. મને એમ કે નાનોભાઇ છે. પણ હવે તો તું હદ વટાવી રહ્યો છે.' તને એ તો ખબર છે કે આપણે બંને સહોદર છીએ. માં એક છે બાપ બે. તેં મારાથી જુદા થવાતો ફેંસલો કરેલો. મારું માથું ફોડી નાખેલું. બંને બાપ પોતપોતાના દીકરા સાથે થઇ ગયા. માં કોની સાથે રહે. માંની મમતાને કોઇએ પીંછાણી નહીં. તેણે પોતાનો અખંડ દેહ સામે ધરી દીધો. અને કહી દીધું કરી દો મારા બે ટુકડા. મારાં સ્તનોમાં દૂધ ભર્યું છે એક સ્તન લઇ તો. તમને દૂધ મળતું રહેશે. પણ એટલું યાદ રાખજો કે ખંડિત થયા પછી હું અશક્ત થઇ જઇશ. અપંગ પણ, મને તેનું કોઇ દુઃખ નથી. પણ તમે ફરી ક્યારેય ઝઘડતા નહીં...

માં ના એ બલિદાનને ભૂલી ગયા. અને તેની ઇચ્છા, આકાંક્ષાઓને પણ વિસરી ગયા. તું એ પણ ભુલી ગયો કે આ જ માં ના ઉદરમાં તારો વિકાસ થયો છે. એના જ સ્તનોન્ તે દૂધ પીધું છે. તેનો જ ખળો તું ખૂંધ્યો છે. માતાના બલિદાનનો આ બદલો. તેનાં અરમાનોનું આવું ખૂન, તેના દૂધની આ કિંમત પોતાનો કોઇ અન્યના હવાલે કરી માં ના સાડલાનાં ચીંથરા કરવા માંગે છે. તો સાંભળ એવું હું હરગીઝ થવા નહીં દઉં.

'કેવી રીતે નહીં થવા દે, મને જે ઠીક લાગશે એ કરીશ. તું મારા મિત્રોને ઓળખતો નથી. એ તારાં હાડકાં ભાંગી નાખશે.'

'તારા દોસ્તારોની ઐતી કી તૈસી. જો સાંભળ. કહેતા પેલા યુવકનો હાથ વિજળીના થાંભળાને અડકી ગયો ને ઝનન... થાંભલામાં શોર્ટ સર્કીટ થઇ ધડામ અવાજ સાથે બલ્બ તૂટીને પડ્યો ને અંધકાર છવાઇ ગયો.'

સ્નેહલે ચેનલ બદલી ત્યારે સમાચારમાં કેશુભાઇ ભાજપને ભાંડી રહ્યાં હતા. અને કોંગ્રેસ દિશા અને દશા બદલવા તત્પર બની હતી.

- vanvihari@gmail.com